અપીલ અરજી નં.૨૮૪ તા.૨–૧–૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)
ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૬–૧૧–૦૮ની અરજીથી ડો.આઈ સી. પટેલ ડે.કમિશ્નર (હેઅનેહો),ડો.એચ એસ. દેસાઈ (મેડીકલ ઓફિસર) આરોગ્ય કોર્પોરેશનમાં શરૂઆતમાં ફરજ ઉપર જોડાયા પૂર્વે રજુ કરેલ ડીગ્રી સર્ટીફીકેટ અને અનુભવના દસ્તાવેજોની પ્રમાણિત નકલ, આ બન્ને અધિકારી તથા શ્રી કે જી. પટેલ ચીફ ફુડ ઈન્સ્પેકટર ત્રણેય અધિકારીઓએ કોર્પોરેશનમાં જોડાયા બાદ કરેલ કામગીરીની અત્યાર સુધીની માસીક ડાયરી, ફેરવેલ ગાડીની લોગબુક, અને ટીએડીએ લીધેલ હોય તો તેની વિગત સહિતની માહિતી, તેમને આરોગ્ય અને ફુડ વિભાગમાં લાયસન્સ ઈસ્યુ કરેલ હોય તેવા લાયસન્સધારકોના નામ સરનામાં અને કયારે ઈસ્યુ કર્યા તેની યાદી અને તેઓ પાસેથી આરોગ્ય વિભાગે મેળવેલ બીયુસીની નકલો બીયુસી ન હોય તો આપના વિભાગે તેની જગ્યાએ મેળવેલ ડોકયુમેન્ટની નકલો , આરોગ્ય અને ફુડ લાયસન્સ મેળવવા કયા કયા દસ્તાવેજોની જરૂર પડે છે વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૪/૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૬–૧૧–૦૮ની અરજીથી ડો.આઈ સી. પટેલ ડે.કમિશ્નર (હેઅનેહો), ડો.એચ એસ. દેસાઈ (મેડીકલ ઓફિસર) આરોગ્ય કોર્પોરેશનમાં શરૂઆતમાં ફરજ ઉપર જોડાયા પૂર્વે રજુ કરેલ ડીગ્રી સર્ટીફીકેટ અને અનુભવના દસ્તાવેજોની પ્રમાણિત નકલ, આ બંન્ને અધિકારી તથા શ્રી કે જી. પટેલ ચીફ ફુડ ઈન્સ્પેકટર ત્રણેય અધિકારીઓએ કોર્પોરેશનમાં જોડાયા બાદ કરેલ કામગીરીની અત્યાર સુધીની માસિક ડાયરી, ફેરવેલ ગાડીની લોગબુક, અને ટીએડીએ લીધેલ હોય તો તેની વિગત સહિતની માહિતી, તેમને આરોગ્ય અને ફુડ વિભાગમાં લાયસન્સ ઈસ્યુ કરેલ હોય તેવા લાયસન્સધારકોના નામ સરનામાં અને કયારે ઈસ્યુ કર્યા તેની યાદી અને તેઓ પાસેથી આરોગ્ય વિભાગે મેળવેલ બીયુસીની નકલો બીયુસી ન હોય તો આપના વિભાગે તેની જગ્યાએ મેળવેલ ડોકયુમેન્ટની નકલો , આરોગ્ય અને ફુડ લાયસન્સ મેળવવા કયા કયા દસ્તાવેજોની જરૂર પડે છે વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે તા.૨૯–૧૧–૦૮ તથા તા.૩/૪–૧૨–૦૮ ની નકલો માહિતી અધુરી છે તથા રેકર્ડ ચકાસણીના નિયમ મુજબ કોઈ માહિતી માંગેલ નથી તેવા કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત,અરજી પૂર્ણાંક,આંશિક તબદીલ કરેલ હોય તો તેની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો, તેમજ આપેલ માહિતીમાં વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૮ તા. ૭–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)તથા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૯૨૭ તા.૧૫–૧–૦૯ થી તથા ડે.કમિશ્નર (હેઅનહો) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.પીએચડી/ડીસીએચએચ/આ.નં.૨૦૩૩ તા.૧૭–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૬–૧૧–૦૮ ના રોજ કરેલ માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન મારફતે પર્સોનલ ઓફિસર મહેકમને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવકનં.૧૯૪૨ તા.૭–૧૧–૦૮ ના રોજ મોકલવામાં આવેલ. જે તેમના તરફથી નં.જીએડી/ઈએસટી/૩૨૯૦ તા.૧૮–૧૧–૦૮ થી ડે.કમિશ્નર(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીને માંગવામાં આવેલી માહિતી પૈકીના મુદ્દા નં.૨ થી ૪ માટે તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.૧ અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નં.જીએડી/ઈએસટી/૩૪૧૪ તા.૨૯–૧૧–૦૮ થી ડે.કમિશ્નરશ્રી (હેઅનેહો) ની પ્રથમ મેડીકલ ઓફિસર તરીકેની નિમણુંક થયા બાદ આસી. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ તરીકે, નાયબ મેડીકલ ઓફ હેલ્થ,અને ત્યાર બાદ ડે.કમિશ્નર તરીકે નિમણુંક થયેલ છે જે ઘણા લાંબા સમયની વિગત હોવાથી તપાસ કરતાં અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ થઈ શકેલ નથી તેવું જણાવેલ. જયારે મેડીકલ ઓફિસર હેલ્થ ડો. એચ એચ. દેસાઈએ અરજી સાથે રજુ કરેલ પ્રમાણપત્રની નકલ અરજદારને પૂરી પડાયેલ છે જેની નકલ અત્રે પણ મોકલેલ છે.જયારે મુદ્દા નં. ૪ અંગે ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જાવક નં./પીએચડી/ફુડ/૧૪૩૨ તા.૪–૧૨–૦૮ થી ફુડ લાયસન્સ અંગે જરૂરી દસ્તાવેજોની માહિતી પૂરી પાડેલ છે. તેમજ મુદ્દા નં.૨ અને ૩ અંગેની માહિતીનું ફલક ઘણું વિસ્તૃત હોઈ અને માહિતી મેન્યુઅલી ઉપલબ્ધ હોવાથી માહિતી સમય મર્યાદામાં આપી શકાય એમ ન હોવાથી સરળતા માટે અરજદારને જોઈતી ચોકકસ માહિતીની વિગતો મેળવવા અગાઉથી સમય મેળવી રૂબરૂ રેકર્ડ તપાસવા માટે આવવા સમય મર્યાદામાં જણાવેલ.

અરજદારે અપીલના તબકકે આરોગ્ય અને ફુડ વિભાગે કરેલ કાર્યવાહીની માહિતી માટે આગ્રહ રાખેલ જણાય છે પરંતુ ચોકકસ કઈ માહિતી અંગે નારાજગી છે તેવી કોઈ સ્પષ્ટતા કરેલ જણાતી નથી.

# હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને મુદ્દા નં.૧ અંગે ડો.આઈ સી. પટેલના નિમણુંક સમયે રજુ કરેલ દસ્તાવેજો દફતરે ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતરી નિકાલનો કોઈ હવાલો આપેલ જણાતો નથી. જેને અનુલક્ષી દફતરના સંદર્ભમાં અરજદારને હકીકતલક્ષી માહિતી કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મુલ્યે આપવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.ર અને ૩ અંગે અરજદારે માંગેલ માહિતી ચોકકસ દસ્તાવેજ પુરતું સીમીત ન હોઈ પ્રથમદર્શી રીતે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (હેઅનેહો) ધ્વારા અપાયેલ દફતર તથા તપાસણીની તક આરટીઆઈની કલમ–૭(૯) સાથે સુસંગત જણાય છે. જેને અરજદારે ઉપયોગ કરવાનું નિવારી અપીલ કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–ર(એફ) તથા (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેનો ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની હોઈ તથા અરજદાર રેકર્ડ તપાસણી કરવા ઈચ્છુક ન હોઈ અરજદારે માંગેલ માહિતી ના ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ લાગત દફતરની નકલોની સંખ્યા અનુસાર કલમ–૭(૩) હેઠળ નિયત દસ્તાવેજ ફી ભરાવી દિન–૧૫ માં અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :     –૧ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)અને ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)     .... જાણ તથા અમલ માટે
(ર) શ્રી રમેશ કે. જાંગીડ, પ્રોફેશનલ ક્રાઈમ